Gujarati

HM Government




# 1 લી જુલાઈ 2007ના રોજ નવા ધુમાડારહિત કાયદા માટેની તૈયારી કરવા તમને જોઈતું બધું જ

SMOKEFREE

NHS

# નવા ધુમાડારહિત –
# સ્મોકફ્રી કાયદા વિશેની એક ઝડપી માર્ગદર્શિકા

- રવિવાર 1લી જુલાઈ 2007ના રોજ ઈંગ્લેન્ડ ધુમાડારહિત એટલે કે સ્મોકફ્રી બનશે. બીજાં લોકોના ધૂમ્રપાનના ધુમાડાની નુક્સાનકારક અસરોથી કર્મચારીઓ તેમજ જાહેર જનતાનું રક્ષણ કરવા માટે આ નવો કાયદો દાખલ કરવામાં આવી રહ્યો છે.
- 1લી જુલાઈ 2007થી લગભગ બધી જ બંધિયાર જાહેર જગ્યાઓ, કામનાં સ્થળો અને જાહેર તેમજ કામનાં વાહનોમાં ધૂમ્રપાન કરવાનું ગેરકાયદેસર ગણાશે. આ કાયદામાંથી બહુ ઓછી મુક્તિઓ (છૂટછાટો) મળશે.
- લગભગ બધી જ જાહેર જગ્યાઓ અને કામનાં સ્થળોમાં મકાનની અંદર ધૂમ્રપાન કરવા માટેના રૂમો રાખવાની હવેથી પરવાનગી આપવામાં આવશે નહિ.
- સ્મોકફ્રી સ્થળનાં અને વાહનોનાં મેનેજરોની લોકોને ત્યાં ધૂમ્રપાન કરતાં રોકવાની કાનૂની જવાબદારી રહેશે.
- આ નવા કાયદા હેઠળ બધાં જ સ્મોકફ્રી સ્થળો અને વાહનોમાં નો-સ્મોકિંગની નિશાનીઓ લગાવવાની જરૂરી રહેશે.
- આ નવો કાયદો ધૂમ્રપાન કરી શકાય તેવી કોઈ પણ વસ્તુને લાગુ પડે છે. આમાં સિગરેટો, પાઈપો (પાણી સાથેની પાઈપો, જેમ કે શીશા અને હુક્કાની પાઈપો સહિત), સિગાર અને આયુર્વેદિક (હર્બલ) સિગારેટોનો પણ સમાવેશ થઈ જાય છે.
- આ નવા કાયદાનું પાલન કરવામાં નહિ આવે તો તે ફોજદારી - ક્રિમિનલ ગુનો ગણાશે. સ્મોકફ્રી ગુનાને લગતા દંડ અને સજા નીચે જણાવેલાં છે (વળતર સાથેની રકમો માટે પાનું 15 જુઓ):

  **સ્મોકફ્રી સ્થળ અથવા કામના વાહનમાં ધૂમ્રપાન કરવાથી:** ધૂમ્રપાન કરી રહેલી વ્યક્તિને નિશ્ચિત કરાયેલા £50ની રકમના દંડની નોટિસ આપવામાં આવશે. અથવા જો તે વ્યક્તિ પર કાયદેસર પગલાં લેવામાં આવે અને કોર્ટમાં તેનો ગુનો પુરવાર થાય તો વધુમાં વધુ £200નો દંડ કરવામાં આવશે.

  **ધૂમ્રપાન મનાઈની નિશાનીઓ નહિ લગાવવાથી:** સ્મોકફ્રી સ્થળ કે વાહનનો વહીવટ કરનારી વ્યક્તિને નિશ્ચિત કરાયેલા £200ના દંડની નોટિસ આપવામાં આવશે. અથવા જો તે વ્યક્તિ પર કાયદેસર પગલાં લેવામાં આવે અને કોર્ટમાં તેનો ગુનો પુરવાર થાય તો વધુમાં વધુ £1000નો દંડ કરવામાં આવશે.

  **સ્મોકફ્રી સ્થળમાં કોઈને ધૂમ્રપાન કરતાં ન રોકવાથી:** સ્મોકફ્રી સ્થળ કે વાહનનો વહીવટ કે નિયંત્રણ કરનારી વ્યક્તિ પર કાયદેસર પગલાં લેવામાં આવે અને કોર્ટમાં તેનો ગુનો પુરવાર થાય તો વધુમાં વધુ £2500નો દંડ કરવામાં આવશે.
- આ નવા કાયદાની અમલબજાવણી કરાવવા માટે સ્થાનિક કાઉન્સિલો જવાબદાર રહેશે. તેઓ ધંધા-વેપારોને આ નવા કાયદા હેઠળની તેમની કાનૂની ફરજો પૂરી કરવામાં મદદ કરવા માટે માહિતી અને ટેકો આપશે.

આ નવા કાયદા વિશે વધારે માહિતી તમે સ્મોકફ્રી ઈંગ્લેન્ડની આ વેબસાઈટ પરથી મેળવી શકો છો: smokefreeengland.co.uk
તમે માહિતી અને ટેકા માટે તમારી સ્થાનિક કાઉન્સિલનો પણ સંપર્ક કરી શકો છો.

# અનુક્રમણિકા


| | |
|---|---|
| ઇંગ્લેન્ડ શા માટે ધુમાડારહિત - સ્મોકફ્રી થઈ રહ્યું છે? | 3 |
| ધુમાડારહિત - સ્મોકફ્રી થવા માટે મારે શું કરવું જ જોઈએ? | 5 |
| કયા સ્થળો સ્મોકફ્રી હોવાં જ જોઈએ? | 9 |
| મારે કઈ નિશાનીઓ પ્રદર્શિત કરવી જરૂરી છે? | 13 |
| નવા સ્મોકફ્રી કાયદાનો અમલ કેવી રીતે કરાવવામાં આવશે? | 15 |
| આ નવા કાયદામાંથી કોઈ મુક્તિઓ (છૂટછાટો) મળે છે? | 16 |
| વારંવાર પૂછવામાં આવતા પ્રશ્નો. | 20 |
| સૂચિત સ્મોકફ્રી નીતિ. | 21 |
| સ્મોકફ્રી સ્થળમાં ધૂમ્રપાન કરનારાં સામે કેવી રીતે પગલાં લેવાં. | 23 |
| તપાસયાદી | 25 |


આ માર્ગદર્શિકા, જે લોકો પર જાહેર સ્થળો અને કામનાં સ્થળોના વહીવટની જવાબદારી હોય તે લોકોને નવો સ્મોકફ્રી કાયદો સમજવા અને તેનું પાલન કરવામાં મદદ કરવા માટે ડિપાર્ટમેન્ટ ઓફ હેલ્થ દ્વારા બનાવવામાં આવી છે. તમારા જાહેર સ્થળને કે કામના સ્થળને રવિવાર 1લી જુલાઈ 2007થી સ્મોકફ્રી બનાવવામાં મદદ કરવા માટે અમે મફત સંસાધનો પણ આની સાથે આપ્યાં છે.

નવા સ્મોકફ્રી કાયદા વિશેની આ સરકારની અધિકૃત માર્ગદર્શિકા છે. આ માર્ગદર્શિકા ફક્ત સામાન્ય માહિતી આપવા માટે જ છે અને તે નવો કાયદો લાગુ પડશે તેવી દરેક પરિસ્થિતિને આવરી લઈ શકે નહિ. જો તમને તમારા પોતાના અમુક ચોક્કસ સંજોગો વિશે સલાહ જોઈતી હોય, તો અમારું સૂચન છે કે તમે તમારી સ્થાનિક કાઉન્સિલનો સંપર્ક કરો અથવા તમારી જાતે કાનૂની સલાહ મેળવો.




1લી જુલાઈ 2007ના દિવસે ઇંગ્લેન્ડમાં લગભગ બધાં જ બંધિયાર જાહેર સ્થળો અને કામનાં સ્થળો ધુમાડારહિત બની જશે.

# ઇંગ્લેન્ડ શા માટે ધુમાડારહિત - સ્મોકફ્રી થઈ રહ્યું છે?

કર્મચારીઓ અને જાહેર જનતાને બીજાં લોકોના ધુમાડાની નુક્સાનકારક અસરથી બચાવવા માટે નવો સ્મોકફ્રી કાયદો દાખલ કરવામાં આવી રહ્યો છે.

બીજાંના ધૂમ્રપાનનો ધુમાડો – સેકન્ડહેન્ડ સ્મોક આરોગ્ય પરનો એક ગંભીર ખતરો છે અને તે કેટલો હોય તો સુરક્ષિત ગણાય તેનું કોઈ પ્રમાણ નથી. દરેક વખતે કોઈ વ્યક્તિ બીજા કોઈના ધૂમ્રપાનનો ધુમાડો પોતાના શ્વાસમાં લે છે ત્યારે તેઓ 4,000 કરતાં વધારે રસાયણો શ્વાસમાં લે છે. જેમાંના ઘણા અત્યંત ઝેરી હોય છે. 50 કરતાં વધારે આવાં રસાયણો કેન્સરનું કારણ બનતાં હોવાનું જાણીતું છે.

તબીબી અને વૈજ્ઞાનિક પુરાવા બતાવે છે કે સેકન્ડહેન્ડ ધુમાડા શ્વાસમાં લેવાથી ફેફસાંનું કેન્સર, હૃદય રોગ, ઍસ્થમા (દમ)નો હુમલો, બાળવયનાં શ્વાસોચ્છ્વાસને લગતા રોગો, 'સડન ઈન્ફન્ટ ડેથ સિન્ડ્રોમ' (એસ.આઈ.ડી.એસ.) અને ફેફસાંની કાર્યક્ષમતામાં ઘટાડો જેવી ગંભીર તબીબી બીમારીઓ થવાનું જોખમ વધી જાય છે.

વૈજ્ઞાનિક પુરાવા એવું પણ બતાવે છે કે બંધિયાર જગ્યાઓમાં વેન્ટિલેશનો (હવાની અવરજવરની સગવડો) રાખવાથી સેકન્ડહેન્ડ ધુમાડાને કારણે આરોગ્ય પર રહેલાં જોખમો ટાળી શકાતાં નથી. આની સામે અસરકારક રક્ષણ પૂરું પાડવાનો એકમાત્ર રસ્તો પહેલેથી જ લોકોને સેકન્ડહેન્ડ ધુમાડા તેમના શ્વાસમાં લેતાં અટકાવવાનો છે. એટલા માટે સરકાર આ નવો સ્મોકફ્રી કાયદો દાખલ કરી રહી છે.

એવો અંદાજ છે કે આ નવા કાયદાને કારણે આગામી દસકામાં હજારો લોકોનાં જીવન બચાવી શકાશે, ગંભીર રોગો થતા અટકાવી શકાશે અને દરેક જણે કામ કરવા કે મુલાકાત લેવા માટેનું એક વધારે સ્વચ્છ અને વધારે આરોગ્યપ્રદ બંધિયાર વાતાવરણ બનાવી શકાશે.

**સેકન્ડહેન્ડ ધુમાડામાં 4,000 કરતાં વધારે રસાયણો રહેલાં હોય છે. તેમાંથી 50 કરતાં વધારે રસાયણો કેન્સર માટે કારણભૂત બનતાં હોવાનું જાણીતું છે.**

**લગભગ 85% જેટલો સેકન્ડહેન્ડ ધુમાડો અદ્રશ્ય અને દુર્ગંધરહિત હોય છે.**

આ નવા કાયદા વિશે તમે વધારે માહિતી સ્મોકફ્રી ઇંગ્લેન્ડની વેબસાઈટ smokefreeengland.co.uk પરથી મેળવી શકો છો. તમે માહિતી અને ટેકો મેળવવા માટે તમારી સ્થાનિક કાઉન્સિલનો પણ સંપર્ક કરી શકો છો.



સ્મોકફ્રી સ્થળની
ઉપરી હોય તેવી કોઈ
પણ વ્યક્તિ તે સ્થળમાં
લોકોને ધૂમ્રપાન
કરતાં રોકવા માટે
કાનૂની રીતે
જવાબદાર રહેશે.

# ધુમાડારહિત - સ્મોકફ્રી થવા માટે
# મારે શું કરવું જ જોઈએ?

## સ્મોકફ્રી થવા માટેની તૈયારી કરવી

જો તમે એવા કોઈ સ્થળ કે વાહનનો વહીવટ કરતાં હો કે ત્યાંના ઉપરી હો જેને આ નવો કાયદો લાગુ પડતો હોય (પાનું 9 જુઓ), તો તે સ્થળ કે વાહન સ્મોકફ્રી બને અને સ્મોકફ્રી રહે તેની ખાતરી કરવા માટેની કાનૂની જવાબદારી તમારી રહેશે.

રવિવાર 1લી જુલાઈથી જ્યારે આ નવો કાયદો અમલમાં આવે ત્યારે તેના માટે તૈયાર રહેવા માટે, તમારે નીચેની બાબતોની ખાતરી કરવાની જરૂરી રહેશેઃ

- ☐ તમે બધી જ જરૂરી ધૂમ્રપાનની મનાઈ ફરમાવતી નિશાનીઓ યોગ્ય સ્થળે લગાવી દીધી હોય (પાનું 13 જુઓ)
- ☐ તમારા કર્મચારીઓ, ગ્રાહકો, સભ્યો કે મુલાકાતીઓને ખબર હોય કે તમારું સ્થળ અને કામનાં વાહનો કાનૂની રીતે સ્મોકફ્રી રાખવાં જરૂરી છે
- ☐ તમે હાલમાં કોઈ ધૂમ્રપાન માટેના રૂમો હોય તો તે કાઢી નાંખ્યા હોય.

## તમારા સ્થળ અને વાહનોને સ્મોકફ્રી રાખવાં

એક વાર આ નવો કાયદો અમલમાં આવી જાય તે પછી સ્મોકફ્રી સ્થળ અથવા વાહનનું નિયંત્રણ કે વહીવટ કરતી કોઈ પણ વ્યક્તિની કાનૂની જવાબદારી બનશે કે તે લોકોને ત્યાં ધૂમ્રપાન કરતાં રોકે.

તમારે એ બતાવવાનું રહેશે કે તમે આ નવા કાયદાની શરતોનું પાલન કરવા માટે વાજબી પગલાં લીધેલાં છે. આમાં નીચેનાનો સમાવેશ થઈ શકેઃ

- ☐ એશટ્રેઝ કાઢી લેવી
- ☐ સ્મોકફ્રી નીતિ દાખલ કરવી (નીચે જુઓ)
- ☐ નવો કાયદો સમજવા માટે અને તેમની જવાબદારીઓ શું છે તે માટે કર્મચારીઓને તાલીમ આપવી.

## તમારા ધંધા માટે સ્મોકફ્રી નીતિ દાખલ કરવી

તમે તમારા કામના સ્થળ માટે સ્મોકફ્રી નીતિ દાખલ કરવા કદાચ ઈચ્છો. આનાથી એ ખાતરી કરવામાં મદદ થશે કે તમારા કર્મચારીઓને નવા સ્મોકફ્રી કાયદાની ખબર છે અને હવેથી તેઓ ધુમાડારહિત વાતાવરણમાં કામ કરી રહ્યાં છે. તેનાથી તેમને એ સલાહ પણ મળશે કે નવા કાયદાનું પાલન કરવા માટે તેમણે શું કરવું જરૂરી છે.

તમારી સ્મોકફ્રી નીતિ તમારા કર્મચારીઓ અને તેમનાં પ્રતિનિધિઓ સાથે ચર્ચાવિચારણા કરીને બનાવવામાં આવવી જોઈએ.

સ્મોકફ્રી નીતિ તમારા અને તમારા કર્મચારીઓ વચ્ચેની મૌખિક સમજૂતી પણ હોઈ શકે છે; જેને તમારી હાલની કોર્પોરેટ અથવા આરોગ્ય અને સલામતીની નીતિઓની અંદર સમાવી લઈ શકાય છે. અથવા તમે કદાચ અલગ લેખિત નીતિ બનાવવા પણ ઈચ્છો.

અમે આ માર્ગદર્શિકાની સાથે એક સૂચિત સ્મોકફ્રી નીતિ આપેલી છે. તે તમે સ્મોફ્રી ઇંગ્લેન્ડની વેબસાઈટ પરથી પણ ડાઉનલોડ કરી શકો છો smokefreeengland.co.uk/resources



જો કોઈ વ્યક્તિ સ્મોકફ્રી સ્થળમાં ધૂમ્રપાન કરે તો તે સ્થળ માટે જવાબદાર મેનેજરોએ પગલાં લેવાની તૈયારી રાખવાની રહેશે.

## હું જે સ્મોકફ્રી સ્થળ માટે જવાબદાર હોઉં તે સ્થળમાં આવીને જો કોઈ વ્યક્તિ ધૂમ્રપાન કરે તો મારે શું કરવું જોઈએ?

બીજા દેશોના અનુભવોના આધારે, અમને વિશ્વાસ છે કે લોકો આ નવા કાયદાનું માન જાળવશે. પરંતુ, જો કોઈ વ્યક્તિ તમે જેના માટે જવાબદાર હો તેવા સ્મોકફ્રી સ્થળ કે વાહનોમાં ધૂમ્રપાન કરે, તો પગલાં લેવા માટે તમારે તૈયારી રાખવાની રહેશે. અમારી સલાહ છે કે:

- તે વ્યક્તિને ધૂમ્રપાનની મનાઈ ફરમાવતી નિશાનીઓ બતાવો અને તેમને ધૂમ્રપાન બંધ કરવાનું કહો
- તેમને જણાવો કે સ્મોકફ્રી સ્થળ કે વાહનમાં ધૂમ્રપાન કરીને તેઓ ફોજદારી ગુનો કરી રહ્યાં છે
- તે વ્યક્તિને યાદ દેવડાવો કે નવા કાયદા હેઠળ ધૂમ્રપાન રોકવાની તમારી જવાબદારી છે અને તમને બંનેને દંડ થઈ શકે છે.

સ્મોકફ્રી સ્થળમાં ધૂમ્રપાન કરીને કાયદો તોડી રહેલી વ્યક્તિને સેવા નહિ આપવાનું કે સેવાઓ પૂરી નહિ પાડવાનું તમારે વિચારવું જોઈએ.

જો કોઈ ગ્રાહક કે મુલાકાતી ધૂમ્રપાન કરવાનું ચાલુ રાખે, તો તમે તેમને તમારા સ્થળમાંથી નીકળી જવાનું કહી શકો છો. જો કોઈ કર્મચારી કાયદો તોડે, તો તમે તેમની સામે શિસ્તભંગના પગલાં લેવાનું વિચારી શકો. જો ધૂમ્રપાન કરનારી વ્યક્તિ શારીરિક મારપીટ કરવાની ધમકી આપે, તો અમારું સૂચન છે કે તમે પોલીસને જાણ કરો અને/અથવા તેમની મદદ મેળવો.

**આ પત્રિકાની પાછળ ફાડીને અલગ કરી શકાય તેવો એક ચાર્ટ આપેલો છે, જેમાં સ્મોકફ્રી સ્થળ અથવા વાહનમાં ધૂમ્રપાન કરનારી વ્યક્તિ સામે તમે લઈ શકો તેવાં વાજબી પગલાં સૂચવેલાં છે.**

## ધૂમ્રપાન બંધ કરવા માગતી કોઈ વ્યક્તિ માટે શું કોઈ ટેકો મળી શકે તેમ છે?

ધૂમ્રપાન કરનારાં લગભગ 70% લોકો કહે છે કે તેઓ ધૂમ્રપાન બંધ કરવા માગે છે, અને નવો ધુમાડારહિત - સ્મોકફ્રી કાયદો તેમને તેમ કરવા માટેનું વધારાનું જોમ પૂરું પાડી શકે તેમ છે. જો તમે તમારાં કર્મચારીઓ અને ગ્રાહકોને ધૂમ્રપાન બંધ કરવામાં મદદ કરવા માગતાં હો, તો એન.એચ.એસ. તરફથી અત્યંત સુંદર મફત સહાય મળી શકે છે. તેમાં નીચેનાનો સમાવેશ થાય છેઃ

- **સ્થાનિક એન.એચ.એસ. સ્ટોપ સ્મોકિંગ સર્વિસીસ** - તમારી સ્થાનિક સેવા શોધવા માટે, એન.એચ.એસ. સ્મોકિંગ હેલ્પલાઈનને 0800 169 0 169 પર મફત ફોન કરો, જુઓ gosmokefree.co.uk, 88088 પર 'GIVE UP' અને તમારો આખો પોસ્ટકોડ ટેક્સ્ટ કરો અથવા તમારા સ્થાનિક જીપીના દવાખાનામાં, ફાર્મસિ કે હોસ્પિટલમાં પૂછો.
- **એન.એચ.એસ. સ્મોકિંગ હેલ્પલાઈન** - વ્યક્તિગત લોકો 0800 169 0 169 પર ફોન કરીને નિષ્ણાત સલાહકાર સાથે વાત કરી શકે છે (ફોનલાઈનો દરરોજ સવારે 7થી રાત્રે 11 સુધી ખુલ્લી હોય છે).
- gosmokefree.co.uk - ધૂમ્રપાન છોડવા અને તેને ફરીથી ચાલુ ન કરવા માટે જરૂરી બધી જ સલાહ, માહિતી અને સહાયનાં સ્થાનોની ઓનલાઈન વિગતો.
- **ટુગેધર** - આ સપોર્ટ પ્રોગ્રામમાં મફત જોડાઈ શકાય છે અને તે તબીબી સંશોધનો તેમજ ભૂતકાળનાં ધૂમ્રપાન કરનારાં લોકોની સમજશક્તિ એમ બંનેનો ઉપયોગ કરીને વ્યક્તિગત લોકોને ધૂમ્રપાન બંધ કરવામાં મદદ કરવા માટે બનાવવામાં આવ્યો છે. તમે ઈમેઈલ, ટેક્સ સંદેશા, ટપાલ મારફતે સામગ્રી અને ફોન કોલ મેળવવાનું પસંદ કરી શકો છો. વધારે માહિતી માટે એન.એચ.એસ. સ્મોકિંગ હેલ્પલાઈનને 0800 169 0 169 પર ફોન કરો અથવા જુઓ gosmokefree.co.uk

એમ્પ્લોયરો પોતાના કર્મચારીઓ માટે ટેકો મેળવવા વિશે કામના કલાકો દરમ્યાન કે તે સિવાયના સમયે તેમની સ્થાનિક એન.એચ.એસ. સ્ટોપ સ્મોકિંગ સર્વિસ સાથે વાત કરી શકે છે.

નેશનલ ઈન્સ્ટિટ્યુટ ફોર હેલ્થ એન્ડ ક્લિનિક એક્સલન્સ (એન.આઈ.સી.ઈ. - નાઈસ) તરફથી નવ માર્ગદર્શિકા એમ્પ્લોયરોને તેમના કર્મચારીઓને ધૂમ્રપાન બંધ કરવામાં કેવી રીતે મદદ કરવી તેની સલાહ આપશે. વધારે માહિતી માટે જુઓ nice.org.uk



**નવા કાયદાથી દરેક જણ માટે કામ કરવા અને મુલાકાત લેવા માટેનાં વધારે સ્વચ્છ અને વધારે આરોગ્યપ્રદ વાતાવરણની રચના કરવામાં મદદ મળશે.**

# કયા સ્થળો સ્મોકફ્રી
# હોવાં જ જોઈએ?

## સ્મોકફ્રી જાહેર સ્થળો અને કામનાં સ્થળો

નવો સ્મોકફ્રી કાયદો લગભગ બધાં જ 'બંધિયાર' અને 'ઘણા મોટા પ્રમાણમાં બંધિયાર' જાહેર સ્થળો અને કામનાં સ્થળોને લાગુ પડશે. આમાં કાયમી તેમજ કામચલાઉ બંને પ્રકારનાં બાંધકામોનો સમાવેશ થઈ જશે, જેમ કે ટેન્ટ અને માર્કિઓ પણ. આનો અર્થ એ પણ થયો કે જાહેર સ્થળોમાં અને કામનાં સ્થળોમાં મકાનની અંદર રાખવામાં આવેલાં સ્મોકિંગ રૂમોની પરવાનગી પણ નહિ મળે.

જે સ્થળમાં છત અથવા છાપરું હોય (બારણાં, બારીઓ કે પરસાળો સિવાયના ભાગમાં) અને જે કાયમી કે કામચલાઉ ધોરણે સંપૂર્ણપણે બંધિયાર હોય તેવાં સ્થળોને **'બંધિયાર'** તરીકે ગણવામાં આવશે.

જે સ્થળોમાં છત અથવા છાપરું હોય, પરંતુ તેની દિવાલોમાંથી અમુક ભાગ ખૂલતા હોય જે કુલ દિવાલના બંધ વિસ્તાર કરતાં અડધા કરતાં ઓછો ભાગ હોય તેને **'ઘણા મોટા પ્રમાણમાં બંધિયાર'** તરીકે ગણવામાં આવશે. આ ખૂલતા ભાગોમાં બારણાં, બારીઓ અથવા ખોલી કે બંધ કરી શકાય તેવાં બીજાં કોઈ ફિટિંગોનો સમાવેશ થતો નથી.



આકૃતિ 1.
ઘણા મોટા પ્રમાણમાં બંધિયાર સ્થળનું ઉદાહરણ ✗



આકૃતિ 2.
ઘણા મોટા પ્રમાણમાં બંધિયાર નહિ એવા સ્થળનું ઉદાહરણ ✓

**તમારું સ્થળ 'બંધિયાર' છે કે 'ઘણા મોટા પ્રમાણમાં બંધિયાર' છે તે વિશે જો તમને વધારે સલાહ જોઈતી હોય, તો કૃપા કરીને તમારી સ્થાનિક કાઉન્સિલનો સંપર્ક કરો.**

કર્મચારીઓ કે જાહેર જનતાનાં સભ્યો માટે બહારના ખુલ્લા ભાગોમાં મૂકવામાં આવતા સ્મોકિંગ શેલ્ટરોને લગતી કોઈ શરતો નથી.

જો તમે શેલ્ટર બાંધવાનું નક્કી કરો, તો અમારું સૂચન છે કે તમારી જે કોઈ પણ યોજના હોય તેના વિશે તમારી સ્થાનિક કાઉન્સિલ સાથે ચર્ચા કરો, કારણ કે તમારે કદાચ તેમાં અનેક બાબતોને ધ્યાનમાં લેવાની જરૂર પડશે. આમાં પ્લાનિંગ પરમિશન લેવી, લાઈસન્સ, બિલ્ડિંગ કંટ્રોલ, અવાજ અને કચરાને લગતી બાબતોનો સમાવેશ થઈ શકે.

કૃપા કરીને નોંધ કરો, ડિપાર્ટમેન્ટ ઓફ હેલ્થ સ્મોકિંગ શેલ્ટરોની ડિઝાઈન અથવા બાંધકામને લગતી કોઈ સલાહ પૂરી પાડી શકશે નહિ. .



કામનાં વાહનોનો ઉપયોગ જો એક કરતાં વધારે વ્યક્તિઓ દ્વારા કરવામાં આવતો હોય તો તે સ્મોકફ્રી હોવાં જ જોઈએ.

## સ્મોકફ્રી વાહનો

નવા કાયદા હેઠળ, વાહનો દરેક સમયે સ્મોકફ્રી હોવાં જ જોઈશે, જો તેમનો ઉપયોગઃ

- જાહેર જનતાના પરિવહન માટે કરવામાં આવતો હોય
- એક કરતાં વધારે વ્યક્તિઓ દ્વારા કરવામાં આવતા પગારદાર કે સ્વૈચ્છિક કામમાં કરવામાં આવતો હોય - તેઓ એક સમયે એક સાથે વાહનમાં હોય કે ન હોય.

સ્મોકફ્રી વાહનોમાં તેના જે ભાગમાં લોકોને બેસાડી શકાય તેમ હોય તે દરેક ભાગમાં ધૂમ્રપાન મનાઈની નિશાની લગાવેલી હોવી જ જોઈશે. આમાં ઓછામાં ઓછા 70 મિલિમીટર વ્યાસના કદની આંતરરાષ્ટ્રિય નો-સ્મોકિંગની નિશાની (વધારે વિગતો માટે પાનું 13 જુઓ) લગાવવામાં આવેલી હોવી જ જોઈએ.

જ્યારે લોકોનું પરિવહન કરતી વખતે, જે સ્મોકફ્રી વાહનોનું છાપરું ખોલી શકાય કે કાઢી શકાય તેમ હોય તે વાહનોમાં જ્યારે તેનું છાપરું પૂરેપૂરું ખોલી નાંખેલું કે કાઢી નાંખેલું હોય ત્યારે તે સ્મોકફ્રી હોવાં જરૂરી નહિ રહે.

જે વાહનો મુખ્યત્વે અંગત વપરાશ માટે વાપરવામાં આવતાં હોય તે વાહનો સ્મોકફ્રી હોવાં જરૂરી નહિ રહે.

વહાણો અને પાણી પરનાં વાહનોને અમુક ચોક્કસ નિયમનો દ્વારા આવરી લેવામાં આવશે જેના વિશે ડિપાર્ટમેન્ટ ફોર ટ્રાન્સપોર્ટ દ્વારા વિચારણા કરવામાં આવી રહી છે. આના વિશેની વધારે માહિતી ડિપાર્ટમેન્ટ ફોર ટ્રાન્સપોર્ટ પાસેથી તેમને આ સરનામે ઈમેઈલ કરવાથી smokingonships@dft.gsi.gov.uk અથવા 020 7944 5427 પર ફોન કરવાથી મેળવી શકાશે.

**વાહન ચલાવતી, તેનો વહીવટ કરતી અથવા વાહન પરની સલામતી અને વ્યવસ્થા માટે જવાબદાર હોય તેવી કોઈ પણ વ્યક્તિ લોકોને તેમના વાહનમાં ધૂમ્રપાન કરતાં રોકવા માટે કાનૂની રીતે જવાબદાર રહેશે.**

## ખાનગી મકાનો

સામાન્ય રીતે, આ નવો કાયદો ખાનગી (કે અંગત) મકાનોને આવરી લેતો નથી. પરંતુ, કોઈ પણ જો કોઈ સ્થળનો બંધિયાર કે ઘણા મોટા પ્રમાણમાં બંધિયાર હિસ્સો બીજા કોઈ મકાન સાથે વહેંચીને વાપરવામાં આવતો હોય, જેમ કે ફ્લેટોના બ્લૉકમાં સાર્વજનિક દાદરા અથવા લિફ્ટ વગેરે, તો તે ભાગ સ્મોકફ્રી હોવો જરૂરી રહેશે, જોઃ

- તે જાહેર જનતા વાપરી શકે તેમ હોય
- તે કામના સ્થળ તરીકે વાપરવામાં આવતો હોય, દાખલા તરીકે સફાઈ કામદાર, પોસ્ટમેન અથવા સુરક્ષા કર્મચારી દ્વારા.

કામચલાઉ અથવા રજાઓમાં વાપરવા માટેનાં સેલ્ફ-કન્ટેઈન્ડ રહેણાંક સ્થળો આ કાયદા હેઠળ સ્મોકફ્રી હોવાં જરૂરી નથી (દાખલા તરીકે હોલિડે કોટેજ અથવા કેરેવાન). જો કે તેનાં માલિકો પોતાનું રહેઠાણ સ્મોકફ્રી બનાવવાનું પસંદ કરી શકે.

જે કોઈ પણ વ્યક્તિ પોતાના કામના ભાગ તરીકે ખાનગી મકાનમાં આવતી હોય, દાખલા તરીકે માલસામાન આપવા માટે અથવા સેવાઓ પૂરી પાડવા માટે, જેમ કે પ્લમ્બિંગ, બાંધકામ કે વાળ કાપવા, તેઓ smokefreeengland.co.uk/resources પરથી વધારે માર્ગદર્શન ડાઉનલોડ કરી શકે છે.

## ઘરમાંથી કામ કરવું

ખાનગી મકાનનો જે કોઈ પણ ભાગ **ફક્ત** કામના હેતુસર વાપરવામાં આવતો હોય તે સ્મોકફ્રી હોવો જરૂરી રહેશે, જોઃ

- તેનો ઉપયોગ મકાનમાં ન રહેતી હોય તેવી એક કરતાં વધારે વ્યક્તિઓ દ્વારા કરવામાં આવતો હોય
- ત્યાં માલસામાન અને/અથવા સેવાઓ આપવા કે લેવા માટે જાહેર જનતાનાં લોકો આવતાં હોય.




જો તમે સ્મોકફ્રી સ્થળ અથવા વાહનનો વહીવટ કરતાં હો, તો ધૂમ્રપાનની મનાઈ ફરમાવતી જરૂરી નિશાનીઓ યોગ્ય સ્થળે લગાવવામાં આવી હોવાની ખાતરી કરવાની કાનૂની જવાબદારી તમારી છે.



# મારે કઈ નિશાનીઓ
# પ્રદર્શિત કરવી જરૂરી છે?

બધાં જ સ્મોકફ્રી સ્થળો અને વાહનોમાં આ નવા કાયદાની શરતો પૂરી કરતી હોય તેવી ધૂમ્રપાનની મનાઈ ફરમાવતી – નો-સ્મોકિંગ નિશાનીઓ લગાવવી જરૂરી રહેશે. આ નિશાનીઓથી એ સ્પષ્ટ થશે કે ક્યાં સ્થળો અને વાહનો સ્મોકફ્રી છે અને તમે નવા કાયદાની શરતો પૂરી કરવા માટે જરૂરી પગલાં લઈ રહ્યાં છો તે દર્શાવશે.

## સ્મોકફ્રી સ્થળો માટે જરૂરી નિશાનીઓ કઈ છે?

રવિવાર, 1લી જુલાઈથી, દરેક સ્મોકફ્રી સ્થળના પ્રવેશદ્વાર પાસે બધાંની નજરે પડી શકે તેવી મોખરાની જગ્યામાં નો-સ્મોકિંગની નિશાનીઓ લગાવવાની રહેશે. આ નિશાનીઓ નીચેની ઓછામાં ઓછી જરૂરિયાતો પૂરી કરતી હોવી જ જોઈએ:

- ઓછામાં ઓછા A5 કદની હોવી જ જોઈએ (210mm x 148mm)
- ઓછામાં ઓછા 70 મિલિમીટર વ્યાસના કદનું આંતરરાષ્ટ્રિય નો-સ્મોકિંગનું ચિહ્ન બતાવતી હોવી જ જોઈએ
- નીચેના શબ્દો સહેલાઈથી સ્પષ્ટપણે વંચાઈ શકે તેવા અક્ષરોમાં લખેલા હોવા જ જોઈએ:
  **‘ધૂમ્રપાનની મનાઈ. આ સ્થળમાં ધૂમ્રપાન કરવું ગેરકાયદેસર છે.’**

તમે તમારી નિશાનીમાં લખેલા શબ્દો બદલીને ‘આ સ્થળ’ને બદલે જે પ્રકારનું સ્થળ હોય તેનું નામ લખી શકો છો – દાખલા તરીકે ‘આ જિમમાં’ અથવા ‘આ રેસ્ટોરંટમાં’.

ઉપરના બદલે ઓછામાં ઓછા 70 મિલિમીટર વ્યાસનું આંતરરાષ્ટ્રિય નો-સ્મોકિંગનું ચિહ્ન ધરાવતી એક નાની નિશાની પણ એવા સ્મોકફ્રી સ્થળના પ્રવેશદ્વાર પાસે લગાવી શકાય છે, જે:

- ફક્ત કર્મચારી સભ્યો દ્વારા વાપરવામાં આવતું હોય – તે સ્થળમાં ઓછામાં ઓછી એક A4 કદની નિશાની લગાવેલી હોવી જોઈએ
- બીજા મોટા સ્મોકફ્રી સ્થળની અંદર આવેલું હોય, જેમ કે બંધાયેલા શોપિંગ સેન્ટરની અંદર આવેલી કોઈ દુકાન.

## સ્મોકફ્રી વાહનો માટે જરૂરી નિશાનીઓ કઈ છે?

સ્મોકફ્રી વાહનોમાં જે ભાગમાં લોકોને બેસાડીને લઈ જવામાં આવતાં હોય તે દરેક ભાગમાં એક નો-સ્મોકિંગની નિશાની લગાવેલી હોવી જોઈશે. આમાં ઓછામાં ઓછા 70 મિલિમીટર વ્યાસનું આંતરરાષ્ટ્રિય નો-સ્મોકિંગ ચિહ્ન બતાવેલું હોવું જ જોઈએ.

## આ નિશાનીઓ મને ક્યાંથી મળી શકે?

આ નવા કાયદાનું પાલન કરવામાં તમારી મદદ કરવા માટે, અમે આ નવા કાયદાની શરતો પૂરી કરતી નો-સ્મોકિંગની નિશાનીઓ આ માર્ગદર્શિકાની સાથે મફત આપેલી છે. વધારાની નિશાનીઓ smokefreeengland.co.uk/resources પરથી ડાઉનલોડ કરીને છાપી શકાય છે અથવા ઓર્ડરથી મંગાવી શકાય છે. આ નિશાનીઓ સ્મોફ્રી ઈંગ્લેન્ડની માહિતી આપતી લાઈન 0800 169 169 7 પરથી પણ મંગાવી શકાય છે.

અથવા, તમે જાતે તમારી પોતાની નો-સ્મોકિંગની નિશાનીઓ બનાવીને છાપી શકો છો, પરંતુ તે ઓછામાં ઓછી શરતો પૂરી કરતી હોવી જ જોઈએ.

**આંતરરાષ્ટ્રિય નો-સ્મોકિંગનું ચિહ્ન ફક્ત ઓછામાં ઓછા 70 મિલિમીટર વ્યાસના કદના એક લાલ કુંડાળાની અંદર બળતી સિગરેટના ચિત્ર ઉપર લાલ લીટીનો છેકો મારેલું ચિત્ર હોય છે.**




દરેક જણ નવા સ્મોકફ્રી કાયદા માટે તૈયાર હોય તેની ખાતરી કરવા માટે સ્થાનિક કાઉન્સિલો ધંધા-વેપારો સાથે નજીકથી મળીને કામ કરશે.

# નવા સ્મોકફ્રી કાયદાનો અમલ
# કેવી રીતે કરાવવામાં આવશે?

ઇંગ્લેન્ડમાં આ નવા કાયદાનો અમલ કરાવવા માટે સ્થાનિક કાઉન્સિલો[1] જવાબદાર રહેશે. 1 જુલાઈ 2007 સુધી ચાલનારા મહાવરામાં, તેઓ ધંધા-વેપારો સાથે નિકટતાથી મળીને કામ કરશે જેથી સ્મોકફ્રી બનવા માટે પોતે શું કરવાની જરૂર છે જેની દરેક જણને જાણ હોય.

અમલબજાવણી કરવા માટેનું તેમનું વલણ નવા કાયદાનું પાલન કરવામાં ધંધાઓને મદદ કરવા પર આધારિત હશે. જો કે, નવા કાયદાનું પાલન કરવામાં આવી રહ્યું છે કે નહિ તે તપાસવા માટે કોઈ સ્થળમાં પ્રવેશવાનો કે કોઈ વાહનમાં ચડવાનો તેમની પાસે કાનૂની અધિકાર રહેશે.

**જો તમે નવો કાયદો જેને લાગુ પડતો હોય એવા કોઈ સ્થળ કે વાહનનો વહીવટ કરતાં હો કે તેનાં ઉપરી હો, તો તે વાહન કે સ્થળ સ્મોકફ્રી બને અને સ્મોકફ્રી રહે તેની ખાતરી કરવાની કાનૂની જવાબદારી તમારી છે.**

કર્મચારીઓ અને જાહેર જનતા આ કાયદાનો સંભવિતપણે ભંગ કરવામાં આવી રહ્યો હોવાના બનાવોની જાણ કરી શકે તે માટે 1લી જુલાઈ 2007થી એક ટેલિફોન લાઈન (0800 587 1667) પણ કામ કરતી થશે. આ માહિતી સ્થાનિક કાઉન્સિલોને મોકલી આપવામાં આવશે જેઓ તે પછી યોગ્ય પગલાં લેશે.

આયરલેન્ડ, સ્કૉટલેન્ડ અને ન્યૂઝીલેન્ડ જેવા બીજા સ્મોકફ્રી દેશોમાં ઘણા ઊંચા પ્રમાણમાં તેનો અમલ કરવામાં આવી રહ્યો છે, અને લોકો પોતે જ ઘણી ઝડપથી આ કાયદાનો જાતે અમલ કરતાં થઈ જાય છે.

આ નવા કાયદાની તમારા ધંધા પર કેવી રીતે અસર પડશે તે વિશે જો તમે કોઈ ચોક્કસ પ્રશ્નો પૂછવા માગતાં હો, તો કૃપા કરીને તમારી સ્થાનિક કાઉન્સિલનો સંપર્ક કરો.

## આ કાયદાનો ભંગ કરવા માટે શું દંડ કરવામાં આવે છે?

આ નવા સ્મોકફ્રી કાયદાનું પાલન નહિ કરનારી કોઈ પણ વ્યક્તિ ફોજદારી ગુનો કરતી હોવાનું ગણાશે. દરેક ગુના માટે નક્કી કરવામાં આવેલી નિશ્ચિત પેનલ્ટી નોટિસો અને વધુમાં વધુ દંડની માહિતી નીચે આપવામાં આવેલી છે:

| ગુનો | કોણ જવાબદાર છે? | નિશ્ચિત પેનલ્ટી નોટિસ (જો 15 દિવસની અંદર ચૂકવી દેવાય તો) | નિશ્ચિત પેનલ્ટી નોટિસ (જો 29 દિવસની અંદર ચૂકવી દેવાય તો) | કોર્ટ દ્વારા ફટકારવામાં આવતો દંડ |
|---|---|---|---|---|
| **સ્મોકફ્રી સ્થળમાં ધૂમ્રપાન કરવું** | સ્મોકફ્રી સ્થળમાં ધૂમ્રપાન કરનારી કોઈ પણ વ્યક્તિ | £30 | £50 | £200 સુધી |
| **જરૂરી નો-સ્મોકિંગની નિશાનીઓ ન લગાવવી** | સ્મોકફ્રી સ્થળ અથવા વાહનનો વહીવટ કરનાર કે તેની માલિકી ધરાવનાર કોઈ પણ વ્યક્તિ | £150 | £200 | £1000 સુધી |
| **સ્મોકફ્રી સ્થળમાં ધૂમ્રપાન થતું ન રોકવું** | સ્મોકફ્રી સ્થળ અથવા વાહનનો વહીવટ કે નિયંત્રણ કરનાર કોઈ પણ વ્યક્તિ | લાગુ પડતું નથી | લાગુ પડતું નથી | £2500 સુધી |

નિશ્ચિત રકમની પેનલ્ટી નોટિસમાં ગુનાની વિગતો અને પૈસા કેવી રીતે ચૂકવવા તેની માહિતી આપેલી હોય છે. નિશ્ચિત પેનલ્ટી નોટિસ મેળવનાર કોઈ પણ વ્યક્તિ તે મામલો કોર્ટ મારફતે ઉકેલવાનું પસંદ કરી શકે છે. જો કોઈ વ્યક્તિ નિશ્ચિત પેનલ્ટી નોટિસની રકમ ન ચૂકવે, તો પણ તે મામલા પર કાર્યવાહી કરવા માટે તેને કોર્ટમાં મોકલવામાં આવી શકે.

[1] બંદરગાહોમાં આ કાયદાનો અમલ સ્થાનિક પોર્ટ હેલ્થ ઓથોરિટી દ્વારા કરાવવામાં આવશે.

# આ નવા કાયદામાંથી કોઈ મુક્તિ (છૂટછાટો) મળે છે?

નવા સ્મોકફ્રી કાયદામાંથી ફક્ત અમુક જ સ્થળોને મુક્તિ આપવામાં આવશે, અને તે બધી જ મુક્તિઓ કડક નિયંત્રણોને અધીન રહેશે. અમુક ચોક્કસ સંજોગો સાથેનાં કામનાં સ્થળોને મુક્તિ (છૂટછાટ) આપવામાં આવેલી છે.

નીચે જણાવેલાં પ્રકારનાં સ્થળોમાં મેનેજરો ધૂમ્રપાન માટે ખાસ અલગ રૂમો ફાળવી શકે તે માટેની પરવાનગી આપવા માટે મુક્તિઓ આપવામાં આવેલી છે:

- હોટેલો, ઈન્સ (વીશીઓ), હોસ્ટેલો, ગેસ્ટહાઉસો અને સભ્યોની ક્લબો જ્યાં સૂવાની સગવડ આપવામાં આવતી હોય ત્યાં વ્યક્તિગત મહેમાનોના બેડરૂમોને ધૂમ્રપાન માટે ફાળવી શકે છે, પરંતુ તે સ્થળની બીજી બધી જ જગ્યાઓ સ્મોકફ્રી હોવી જરૂરી રહેશે. અલગ ગોઠવણ દ્વારા ઉપલબ્ધ કરાવવામાં આવેલાં સામૂહિક શયનગૃહો અને અન્ય સહિયારાં રહેઠાણો દરેક સમયે સ્મોકફ્રી હોવાં જ જોઈએ
- કેર હોમ્સ[1], હોસ્પિસ[2] અને જેલખાનાંઓ 18 વર્ષથી મોટી ઉંમરની વ્યક્તિને ધૂમ્રપાન માટે વાપરવા માટે વ્યક્તિગત બેડરૂમો અથવા રૂમો ફાળવી આપી શકે
- રેસિડેન્શિયલ મેન્ટલ હેલ્થ યૂનિટો[3] વ્યક્તિગત બેડરૂમો અથવા અથવા રૂમો ફક્ત 18 વર્ષથી મોટી ઉંમરની વ્યક્તિને ધૂમ્રપાન માટે વાપરવા માટે ફાળવી આપી શકે. આ મુક્તિઓ ફક્ત 1 જુલાઈ 2008 સુધી જ લાગુ પડશે તે પછી આ સ્થળો પણ સ્મોકફ્રી બનવાં જરૂરી રહેશે
- ઓફશોર ઈન્સ્ટોલેશનો[4] ફક્ત ધૂમ્રપાન માટે ખાસ અલગ રૂમો ફાળવી શકે
- નિષ્ણાત તમાકૂશાસ્ત્રીઓ (ટોબેકોનિસ્ટો)ની દુકાનો[5] તેમની દુકાનની અંદર લોકોને નમૂનાની સિગાર કે પાઈપ ધૂમ્રપાન કરવા માટે આપી શકે. સિગરેટ સહિતની બીજી બધી જ વસ્તુઓના ધૂમ્રપાન પર પ્રતિબંધ મૂકવામાં આવશે
- સંશોધનો અને ચકાસણી કરવા માટેની સુવિધાઓમાં ફક્ત ધૂમ્રપાન માટે ખાસ અલગ રૂમો ફાળવવામાં આવી શકે જ્યારે બીજા બધા રૂમો નવા સ્મોકફ્રી કાયદામાં સ્પષ્ટતા કરવામાં આવ્યા મુજબ સંશોધન અથવા ચકાસણીનાં કામો માટે વાપરવામાં આવે.

1 કેર હોમ્સ, કેર સ્ટાન્ડર્ડ્સ એક્ટ 2000ની કલમ 3માં વ્યાખ્યા કરવામાં આવ્યા મુજબ.

2 જે હોસ્પિસો સમગ્ર રીતે અથવા મુખ્યત્વે આખરી તબક્કામાં રહેલા વણસી રહેલા જીવલેણ રોગથી પીડાતાં ત્યાં રહેતાં લોકોને દર્દશામક સંભાળ પૂરી પાડતી હોય.

3 રેસિડેન્શિયલ મેન્ટલ હેલ્થ યૂનિટો એટલે કે એવી કોઈ પણ સંસ્થા (કે સંસ્થાનો અમુક ભાગ) જ્યાં મેન્ટલ હેલ્થ એક્ટ 1983ની કલમ 1(2)માં વ્યાખ્યા કરવામાં આવ્યા મુજબ, કોઈ પણ પ્રકારની માનસિક વિકૃતિથી પીડાતાં લોકોને રાખવા અને તેમની સારવાર કરવામાં આવતી હોય.

4 ઓફશોર ઈન્સ્ટોલેશનો, ઓફશોર ઈન્સ્ટોલેશન્સ એન્ડ પાઈપલાઈન (મેનેજમેન્ટ એન્ડ એડમિનિસ્ટ્રેશન) રેગ્યુલેશન્સ 1995ના નિયમન 3માં વ્યાખ્યા કરવામાં આવ્યા મુજબ.

5 ટોબેકો એડવર્ટાઈઝિંગ એન્ડ પ્રમોશન એક્ટ 2002ની કલમ 6(2)ની વ્યાખ્યા પૂરી  કરતી હોય તેવી જ નિષ્ણાત તમાકુશાસ્ત્રીઓની દુકાનો.

## ખાસ અલગ ફાળવેલા સ્મોકિંગ રૂમો માટે કઈ શરતો પૂરી કરવામાં આવવી જ જોઈએ?

પાન 16 ઉપર સ્પષ્ટતા કરવામાં આવેલામાંથી કોઈ એક રૂમ અથવા બેડરૂમમાં ધૂમ્રપાનની પરવાનગી આપવા માટે, તે સ્થળનો વહીવટ કે નિયંત્રણ કરતી કોઈ પણ વ્યક્તિની કાનૂની જવાબદારી રહેશે કે નીચેની શરતો પૂરી કરવામાં આવતી હોવાની ખાતરી કરવામાં આવે:

જ્યાં ધૂમ્રપાનની પરવાનગી આપવામાં આવી હોય તેવો કોઈ પણ રૂમ:

- તે સ્થળ માટેની ઉપરી વ્યક્તિ દ્વારા લેખિતમાં ફાળવવામાં આવેલો હોવો જ જોઈએ. આ લેખિત ફાળવણી કાયમી રીતે રાખવી જ જોઈએ અને જો અમલબજાવણી કરનારા અધિકારીઓ દ્વારા માગણી કરવામાં આવે તો તેમના નિરીક્ષણ માટે આપવામાં આવવી જ જોઈએ. આ શરતો નિષ્ણાત તમાકૂશાસ્ત્રીઓની દુકાનોને લાગુ પડતી નથી
- છત હોવી જ જોઈએ અને બારણાં અને બારીઓ સિવાય બીજી બધી જ બાજુઓએથી ભોંયથી છત સુધી પહોંચતી સખત દિવાલો વડે તદ્દન બંધિયાર હોવું જ જોઈએ
- તેમાં વેન્ટિલેશનની એવી પદ્ધતિ ન જ હોવી જોઈએ જેથી ત્યાંથી સ્થળના બીજા ભાગોમાં (ધૂમ્રપાન માટે ફાળવવામાં આવેલા બીજા રૂમો સિવાય) અથવા બીજા કોઈ સ્મોકફ્રી સ્થળમાં હવાની અવરજવર થઈ શકે તેમ હોય
- મિકેનિકલ રીતે બંધ કરી શકાય તેવાં બારણાં હોવાં જ જોઈએ જે આગના નિયમો સહિતના બીજા કાયદાનું પણ પાલન કરતાં હોવાં જોઈએ. આ શરતો જેલોને લાગુ પડતી નથી
- તેમાં ધૂમ્રપાનની પરવાનગી આપવામાં આવેલી હોવાની સ્પષ્ટપણે નિશાની લગાવેલી હોવી જ જોઈએ. લોકો ક્યાં સેકન્ડહેન્ડ ધુમાડો પોતાના શ્વાસમાં લઈ શકે તેમ છે તેની ચેતવણી આપતી તમારી પોતાની નિશાનીઓ તમે બનાવી શકો છો.

જો ઉપરની બધી જ શરતો પૂરી કરવામાં ન આવી હોય, તો તે રૂમ ધૂમ્રપાન માટે વાપરી શકાશે નહિ અને તેને દરેક સમયે સ્મોકફ્રી રાખવાનો રહેશે. સ્થળનો વહીવટ કે નિયંત્રણ કરતી વ્યક્તિની કાનૂની જવાબદારી બને છે કે તે સ્મોકફ્રી રાખવાં જરૂરી હોય તેવાં બધાં જ સ્થળોમાં લોકોને ધૂમ્રપાન કરતાં રોકે.

તમે જે રૂમો ફાળવવા માગતાં હો તે રૂમો ઉપર જણાવેલી શરતો પૂરી કરે છે કે નહિ તે વિશે જો તમને કોઈ શંકા હોય, તો તમારા પ્રસ્તાવો વિશે અગાઉથી તમારી સ્થાનિક કાઉન્સિલ સાથે ચર્ચા કરવાની તમને સલાહ આપવામાં આવે છે.

જે સંજોગોમાં 'ફક્ત ધૂમ્રપાન માટે વાપરી શકાય તેવા રૂમ' ફાળવી શકાય તેમ હોય (પાનું 16 જુઓ), ત્યાં આનો અર્થ એ થાય કે તે રૂમ બીજા કોઈ હેતુસર વાપરવા દેવામાં આવશે નહિ, દાખલા તરીકે ટીવી રૂમ અથવા લાઈબ્રેરી તરીકે.

કાયદામાં આ મુક્તિઓ આપવામાં આવી હોવા છતાં, કામના કોઈ પણ સ્થળે જો તેઓ ન ઈચ્છતાં હોય તો તેમણે ખાસ ધૂમ્રપાન માટે અલગ રૂમો ફાળવી આપવા પડે એવી તેમની કાનૂની ફરજ નથી.

પહેલેથી અમલમાં રહેલા કામના સ્થળે આરોગ્ય અને સલામતીના કાયદા હેઠળ પોતાના કર્મચારીઓના આરોગ્ય, સલામતી અને સુખાકારીનું રક્ષણ કરવાની એમ્પ્લોયરોની કાનૂની જવાબદારી ચાલુ રહેશે. વધારે સલાહ માટે પાનું 18 જુઓ.

## કલા પ્રદર્શન કરનારાંઓ

જ્યાં કલાપ્રદર્શન કરનાર વ્યક્તિની કલા નિષ્ઠા માટે જો તેમાં ભાગ લઈ રહેલી વ્યક્તિએ ધૂમ્રપાન કરવું યોગ્ય બનતું હોય, તો તે વ્યક્તિ સ્થળના જે ભાગમાં કલાપ્રદર્શન કરી રહી હોય તે ભાગ ફક્ત કલાપ્રદર્શનના સમય દરમ્યાન જ સ્મોકફ્રી હોવો જરૂરી નહિ બને. આ મુક્તિ રીહર્સલો માટે લાગુ પડતી નથી.

કલાપ્રદર્શન કરનાર વ્યક્તિ અને તે સ્થળનું નિયંત્રણ કે વહીવટ કરતી કોઈ પણ વ્યક્તિ નવા કાયદાની શરતો પૂરી કરવા માટે જવાબદાર રહેશે. જો કાયદાનું પાલન કરવામાં નહિ આવે તો બંને પક્ષોને દંડ થવાનું અથવા ગુનાના આધારે તેમના પર કાયદેસર પગલાં લેવાનું જોખમ ઊભું થઈ શકે. વધારે સલાહ માટે અમારું સૂચન છે કે તમારા પ્રસ્તાવ વિશે તમારી સ્થાનિક કાઉન્સિલ સાથે અગાઉથી ચર્ચા કરો.

## મુક્તિઓ (છૂટ) આપવામાં આવેલી હોય તેવાં સ્થળોમાં કામ કરતા કર્મચારીઓના આરોગ્ય અને સલામતીનું શું?

નવા સ્મોકફ્રી કાયદા સાથે પણ, હેલ્થ એન્ડ સેફ્ટી એટ વર્ક એક્ટ હેઠળ હજુ પણ એમ્પ્લોયરોની સામાન્ય ફરજ બનશે. જ્યાં કર્મચારીઓને તેમના કામના સ્થળે સેકન્ડહેન્ડ ધુમાડાનો સામનો કરવાનું અનિવાર્ય બનતું હોવાનું માનવામાં આવતું હોય, ત્યાં કર્મચારીએ તે ધુમાડાનો ઓછામાં ઓછો સામનો કરવો પડે અથવા કર્મચારીઅને સેકન્ડહેન્ડ ધુમાડાની અસરોથી બચાવવા માટે શું કરવું જરૂરી છે તેનો એમ્પ્લોયરે વિચાર કરવો જોઈએ.

કામના સ્થળે આરોગ્ય અને સલામતી વિશે વધારે માહિતી હેલ્થ એન્ડ સેફ્ટી એક્ઝેક્યુટિવ પાસેથી ઓનલાઈન hse.gov.uk પર અથવા ટેલિફોન 0845 345 0055 પરથી મેળવી શકાય છે.



# વારંવાર પૂછવામાં આવતા પ્રશ્નો

**નવો સ્મોકફ્રી કાયદો ક્યારથી શરૂ થશે?** રવિવાર 1લી જુલાઈ 2007થી.

**આ નવા કાયદાનો અમલ કોણ કરાવશે?** સ્થાનિક કાઉન્સિલો અને પોર્ટ હેલ્થ ઓથોરિટીઓ આ નવા કાયદાનો અમલ કરાવશે અને તેમની પાસે એન્વાયરન્મેન્ટ હેલ્થ ઓફિસરો, ટ્રેડિંગ સ્ટાન્ડર્ડ્સ અથવા સ્થાનિક કમ્યૂનિટી સપોર્ટ ઓફિસરો જેવા અમલબજાવણી કરાવતા ઓફિસરોની નિમણૂંક કરવાની સત્તા હશે.

**શું આ કાયદો ફક્ત સિગરેટો માટે જ લાગુ પડે છે?** ના. તેમાં વ્યક્તિ ધૂમ્રપાન કરી શકે તેવી બધી જ વસ્તુઓ સમાવી લેવામાં આવી છે. આમાં ઉત્પાદન કરવામાં આવેલી સિગરેટો, હાથેથી વાળેલી સિગરેટો, પાઈપો, સિગાર, હર્બલ સિગરેટો અને પાણીના ઉપયોગવાળી પાઈપો (જેમ કે શીશા, હુક્કા અને હબલ-બબલ પાઈપો)નો સમાવેશ થઈ જાય છે.

**શું હું હજુ પણ કર્મચારીઓ માટે ધૂમ્રપાનનો રૂમ રાખી શકું છું?** ના, પરંતુ તમે મકાનની બહાર સ્મોકિંગ શેલ્ટર બનાવી શકો છો, જો કે તમારે તે બનાવવું જરૂરી નથી. જો તમે તે બનાવવાનું નક્કી કરો, તો તે બંધિયાર અથવા ઘણા મોટા પ્રમાણમાં બંધિયાર ન હોય તેની તમારે ખાતરી કરવાની રહેશે. તમે તે માટેના પ્લાનિંગ, લાઈસન્સ અને બિલ્ડિંગ કંટ્રોલ, અવાજ તેમજ કચરો વગેરેને લગતી બીજી બાબતોનો પણ વિચાર કરવા ઈચ્છો.

**હું મારી પોતાની કારમાં ધૂમ્રપાન કરી શકું છું?** હા, નવો કાયદો મુખ્યત્વે અંગત વપરાશનાં વાહનોને આવરી લેતો નથી.

**હું ધૂમ્રપાન કરનારી બીજી વ્યક્તિ સાથે કામનું વાહન વહેંચીને વાપરું છું. હું હજુ પણ ધૂમ્રપાન કરી શકું?** ના, આ કાયદો ધૂમ્રપાન કરનારાં અને ધૂમ્રપાન નહિ કરનારાં લોકોને બીજા લોકોના ધુમાડાથી બચાવવા માટે બનાવવામાં આવ્યો છે. કામનાં એ વાહનોમાં જ ધૂમ્રપાનની પરવાનગી આપવામાં આવશે જે ફક્ત તે ચલાવનાર વ્યક્તિ એકલી જ વાપરતી હોય અને બીજી કોઈ વ્યક્તિ ડ્રાઈવર કે પેસેન્જર તરીકે કામ માટે તેનો ઉપયોગ ન કરતી હોય.

**હું ઘરમાંથી કામ કરું છું. શું તેને સ્મોકફ્રી કરવાનું જરૂરી બનશે?** જો કોઈ પણ ખાનગી મકાનનો કોઈ ભાગ એક કરતાં વધારે લોકો ફક્ત કામના સ્થળ તરીકે વાપરતાં હોય, તો તે સ્મોકફ્રી બનાવવાનું જરૂરી રહેશે.

**શું નવો સ્મોકફ્રી કાયદો સ્વૈચ્છિક કામ માટે વાપરવામાં આવતાં સ્થળો અને વાહનોને લાગુ પડશે?** હા, નવો કાયદો બધાં જ કામોને લાગુ પડે છે, સ્વૈચ્છિક કામોને પણ.

**હું ક્યારેક મારી કારનો ઉપયોગ સ્વૈચ્છિક કામ માટે કરું છું, શું તેને સ્મોકફ્રી બનાવવી પડશે?** ના, મુખ્યત્વે અંગત વપરાશ માટે વાપરવામાં આવતાં વાહનોને સ્મોકફ્રી બનાવવાં જરૂરી નહિ રહે.

**ઐતિહાસિક મકાનોમાં નો-સ્મોકિંગની નિશાનીઓ મૂકવી જરૂરી છે?** સ્મોકફ્રી હોવાં જરૂરી કોઈ પણ સ્થળમાં નવા કાયદાની શરતો પૂરી કરતી હોય તેવી નો-સ્મોકિંગની નિશાનીઓ બધાંને નજરે પડે તેવી રીતે પ્રવેશદ્વાર આગળ મૂકવી જરૂરી છે. સ્થળની સજાવટને અનુરૂપ હોય તેવી રીતે નિશાનીઓ બનાવવાની અને લગાવવાની છૂટછાટ નવા કાયદામાં આપવામાં આવી છે.

**મને વધારે માહિતી ક્યાંથી મળી શકે?** વધારે માહિતી માટે smokefreeengland.co.uk જુઓ અથવા સ્મોકફ્રી ઈંગ્લેન્ડની માહિતી આપતી લાઈનને 0800 169 169 7 પર ફોન કરો. તમે તમારી સ્થાનિક કાઉન્સિલ પાસેથી પણ સલાહ અને ટેકો મેળવી શકો છો.

NHS

# સૂચિત સ્મોકફ્રી નીતિ

## હેતુ

આ નીતિ બધા જ કર્મચારીઓ, સેવાના ઉપયોગકર્તાઓ, ગ્રાહકો અને મુલાકાતીઓને સેકન્ડહેન્ડ ધુમાડાથી બચાવવા માટે અને હેલ્થ એક્ટ 2006નું પાલન કરવામાં મદદ કરવા માટે બનાવવામાં આવી છે.

સેકન્ડહેન્ડ ધુમાડાનો સામનો કરવાથી ફેફસાંનું કેન્સર, હૃદય રોગ તેમજ અન્ય ગંભીર રોગો થવાનું જોખમ વધે છે. એક જ સરખી હવાના વાતાવરણમાં વેન્ટિલેશનો મૂકવાથી કે ધૂમ્રપાન કરનારાં કે ધૂમ્રપાન નહિ કરનારાં લોકોને અલગ અલગ રાખવાથી સંભવિત જોખમ સદંતર રોકી શકાતું નથી.

## નીતિ

કંપનીનું નામ લખો

...................................................................ની એ નીતિ છે કે અમારાં કામનાં બધાં જ સ્થળો સ્મોકફ્રી છે, અને અમારા બધા જ કર્મચારીઓને ધુમાડારહિત વાતાવરણમાં કામ કરવાનો અધિકાર છે. આ નીતિ રવિવાર 1લી જુલાઈ 2007થી અમલમાં આવશે. કામના સ્થળે બધાં જ બંધિયાર અને ઘણા મોટા પ્રમાણમાં બંધિયાર જગ્યાઓમાં ધૂમ્રપાનની મનાઈ ફરમાવવામાં આવે છે. આમાં કંપનીનાં વાહનોનો સમાવેશ થઈ જાય છે. આ નીતિ બધા જ કર્મચારીઓ, કન્સલ્ટન્ટો, કોન્ટ્રાક્ટરો, ગ્રાહકો અથવા સભ્યો અને મુલાકાતીઓને લાગુ પડે છે.

## અમલીકરણ

મેનેજરનું નામ લખો

નીતિનો અમલ કરવાની અને તેની પુનઃવિચારણા કરવાની એકંદર જવાબદારી ............................................................ પર રહે છે. પરંતુ બધા જ કર્મચારીઓ આ નીતિનું પાલન કરવા અને તેને ટેકો આપવા માટે બંધાયેલા છે. ઉપર નામ જણાવેલી વ્યક્તિ બધા જ કર્મચારીઓ, કન્સલ્ટન્ટો અને કોન્ટ્રાક્ટરોને આ નીતિ વિશે અને તેના અમલ તેમજ દેખરેખમાં તેમની ભૂમિકા વિશે જાણ કરશે. તેઓ બધા જ નવા અધિકારીઓને તેમની ભરતી/પરિચય વખતે આ નીતિની એક નકલ આપશે.

સ્થળના પ્રવેશદ્વાર આગળ અને સ્થળની અંદર જગ્યાઓએ અને બધા જ સ્મોકફ્રી વાહનોની અંદર 'નો-સ્મોકિંગ'ની યોગ્ય નિશાનીઓ સ્પષ્ટપણે લગાવેલી હશે.

## અમલ નહિ કરવો

જો કોઈ કર્મચારી સભ્ય આ નીતિનું પાલન નહિ કરે તો કંપનીની આંતિરક શિસ્તભંગની કાર્યવાહી કરવામાં આવશે. સ્મોકફ્રી કાયદાનું પાલન નહિ કરનારાં લોકોએ દંડની નિશ્ચિત રકમ ચૂકવવી પડે અને શક્યતઃ ફોજદારી કાર્યવાહીનો સામનો કરવો પડી શકે.

## ધૂમ્રપાન છોડવામાં મદદ

ધૂમ્રપાન કરનારાં લોકોને તે છોડી દેવામાં મદદ કરવા માટે એન.એચ.એસ. અનેક જુદી જુદી મફત સેવાઓ પૂરી પાડે છે. વિગતો માટે gosmokefree.co.uk જુઓ અથવા એન.એચ.એસ. સ્મોકિંગ હેલ્પલાઈનને 0800 169 0 169 પર ફોન કરો. અથવા, તમે તમારી નજીકની એન.એચ.એસ. સ્ટોપ સ્મોકિંગ સર્વિસ શોધવા માટે 88088 પર 'GIVE UP' અને તમારો આખો પોસ્ટકોડ ટેક્સ્ટ કરી શકો છો.

સહી ........................................................................................ તારીખ ..............................................

કંપનીનું નામ લખો

કંપની વતી ....................................................................................

SMOKEFREE

# સ્મોકફ્રી સ્થળમાં ધૂમ્રપાન કરનારાં
# સામે કેવી રીતે પગલાં લેવાં

જો તમે કોઈ સ્મોકફ્રી સ્થળ અને/અથવા વાહનો માટેનાં ઉપરી હો, તો ત્યાં લોકોને ધૂમ્રપાન કરતાં રોકવાની તમારી કાનૂની જવાબદારી રહેશે. તમે જવાબદાર હો તેવા કોઈ સ્થળ અથવા વાહનમાં કોઈ ધૂમ્રપાન કરે જ તો, તેમને રોકવા માટે તમે લઈ શકો તેવાં કેટલાંક વ્યવહારૂ પગલાં અહીં જણાવેલાં છે.

**તેમને નો-સ્મોકિંગની નિશાનીઓ બતાવો અને ધૂમ્રપાન બંધ કરવાનું અથવા બહાર જવાનું કહો.**

↓

**તેમને કહો કે જો તમે તેમને ધૂમ્રપાન કરવા દેશો તો તે ફોજદારી ગુનો ગણાશે અને સ્મોકફ્રી સ્થળ અથવા વાહનની અંદર ધૂમ્રપાન કરીને તેઓ કાયદો તોડી રહ્યાં છે, અને તમને બંનેને દંડ કરવામાં આવી શકે છે.**

**જો કોઈ કર્મચારી ધૂમ્રપાન બંધ કરવાનો ઈનકાર કરે તો:**

↓

**તેમને યાદ દેવડાવો કે નવો કાયદો કર્મચારીઓ અને જાહેર જનતાને તેમના સેકન્ડહેન્ડ ધુમાડાની નુકસાનકારક અસરોમાંથી બચાવવા માટે છે.**

↓

**જરૂર પડે તો તમારી કંપનીની સ્મોકફ્રી નીતિનું પાલન નહિ કરવા માટે લેવામાં આવતાં શિસ્તભંગનાં પગલાં અમલમાં મૂકો.**

**જો કોઈ ગ્રાહક ધૂમ્રપાન બંધ કરવાનો ઈનકાર કરે તો:**

↓

**તેમને સમજાવો કે જો તેઓ ધૂમ્રપાન કરવાનું ચાલુ રાખશે તો કર્મચારીઓ તેમને સેવા નહિ આપે, અને તેમને તમારા સ્થળમાંથી નીકળી જવાનું કહેવામાં આવશે.**

↓

**જો તેઓ ન જાય, તો તમારા સ્થળમાં અસામાજિક કે ગેરકાનૂની વર્તન માટે સામાન્ય રીતે અમલમાં મૂકવામાં આવતી કાર્યવાહી અનુસરો.**

↓

**આવો કોઈ બનાવ ક્યારે અને ક્યાં બન્યો, તેમાં સંકળાયેલી વ્યક્તિનું નામ અને તેના પરિણામની નોંધ રાખો.**

જો ધૂમ્રપાન કરનારી વ્યક્તિ શારીરિક મારપીટની ધમકી આપે, તો અમારું સૂચન છે કે તમે પોલીસને જાણ કરો અને/અથવા તેમની મદદ મેળવો.

# તપાસયાદી

રવિવાર 1લી જુલાઈ 2007ના રોજ ઇંગ્લેન્ડ સ્મોકફ્રી બને ત્યારે તમારે આ કરવું જરૂરી રહેશેઃ

- ☑ સ્થળ અને વાહનો કાનૂની રીતે સ્મોકફ્રી હોવાં જરૂરી છે એવી કર્મચારીઓ, ગ્રાહકો, સભ્યો અને મુલાકાતીઓને ખબર હોય તેની ખાતરી કરવા માટે યોગ્ય પગલાં લો
- ☑ હાલમાં મકાનની અંદર ધૂમ્રપાન માટેના જે રૂમો હોય તે બંધ કરી દો
- ☑ સ્મોકફ્રી સ્થળો અને વાહનોમાં 'નો-સ્મોકિંગ'ની નિશાનીઓ લગાવો
- ☑ સ્મોકફ્રી સ્થળ કે વાહનમાં કોઈ ધૂમ્રપાન ન કરે તેની ખાતરી કરો.

તમે કદાચ આ કરવા પણ ઈચ્છોઃ

- ☑ તમારા કર્મચારીઓ સાથે સલાહમસલતો કરીને સ્મોકફ્રી નીતિ બનાવો
- ☑ તમારા કર્મચારીઓ અને ગ્રાહકોને ધૂમ્રપાન છોડવા માટે ટેકો પૂરો પાડો.

## સ્મોકફ્રી ઇંગ્લેન્ડ માહિતી આપતી લાઈન

# 0800 169 169 7

## અમારી વેબસાઈટ જુઓ

# smokefreeengland.co.uk

# ધૂમ્રપાન છોડવા માગતાં ધૂમ્રપાન
# કરતાં લોકો માટે મદદ

ધૂમ્રપાન કરનારાં લગભગ 70% લોકો કહે છે કે તેઓ ધૂમ્રપાન બંધ કરવા માગે છે, અને નવો ધુમાડારહિત - સ્મોકફ્રી કાયદો તેમને તેમ કરવા માટેનું વધારાનું જોમ પૂરું પાડી શકે તેમ છે. જો તમે તમારાં કર્મચારીઓ અને ગ્રાહકોને ધૂમ્રપાન બંધ કરવામાં મદદ કરવા માગતાં હો, તો એન.એચ.એસ. તરફથી અત્યંત સુંદર મફત સહાય મળી શકે છે. તેમાં નીચેનાનો સમાવેશ થાય છેઃ

- **સ્થાનિક એન.એચ.એસ. સ્ટોપ સ્મોકિંગ સર્વિસીસ** – તમારી સ્થાનિક સેવા શોધવા માટે, એન.એચ.એસ. સ્મોકિંગ હેલ્પલાઈનને 0800 169 0 169 પર મફત ફોન કરો, જુઓ gosmokefree.co.uk, 88088 પર 'GIVE UP' અને તમારો આખો પોસ્ટકોડ ટેક્સ્ટ કરો અથવા તમારા સ્થાનિક જીપીના દવાખાનામાં, ફાર્મસિ કે હોસ્પિટલમાં પૂછો.
- **એન.એચ.એસ. સ્મોકિંગ હેલ્પલાઈન** – વ્યક્તિગત લોકો 0800 169 0 169 પર ફોન કરીને નિષ્ણાત સલાહકાર સાથે વાત કરી શકે છે (ફોનલાઈનો દરરોજ સવારે 7થી રાત્રે 11 સુધી ખુલ્લી હોય છે).
- gosmokefree.co.uk – ધૂમ્રપાન છોડવા અને તેને ફરીથી ચાલુ ન કરવા માટે જરૂરી બધી જ સલાહ, માહિતી અને સહાયનાં સ્થાનોની ઓનલાઈન વિગતો.
- **ટુગેધર** – આ સપોર્ટ પ્રોગ્રામમાં મફત જોડાઈ શકાય છે અને તે તબીબી સંશોધનો તેમજ ભૂતકાળનાં ધૂમ્રપાન કરનારાં લોકોની સમજશક્તિ એમ બંનેનો ઉપયોગ કરીને વ્યક્તિગત લોકોને ધૂમ્રપાન બંધ કરવામાં મદદ કરવા માટે બનાવવામાં આવ્યો છે. તમે ઈમેઈલ, ટેક્સ્ટ સંદેશા, ટપાલ મારફતે સામગ્રી અને ફોન કોલ મેળવવાનું પસંદ કરી શકો છો. વધારે માહિતી માટે એન.એચ.એસ. સ્મોકિંગ હેલ્પલાઈનને 0800 169 0 169 પર ફોન કરો અથવા જુઓ gosmokefree.co.uk
- એમ્પ્લોયરો પોતાના કર્મચારીઓ માટે ટેકો મેળવવા વિશે કામના કલાકો દરમ્યાન કે તે સિવાયના સમયે તેમની સ્થાનિક એન.એચ.એસ. સ્ટોપ સ્મોકિંગ સર્વિસ સાથે વાત કરી શકે છે.

ઈંગ્લેન્ડમાં નવા ધુમાડારહિત – સ્મોકફ્રી કાયદા વિશે વધારે માહિતી માટે અથવા તેને બીજાં સ્વરૂપોમાં મંગાવવા માટે અમારી આ વેબસાઈટ જુઓઃ smokefreeengland.co.uk અથવા સ્મોકફ્રી ઈંગ્લેન્ડની માહિતી લાઈનને 0800 169 1697 પર ફોન કરો અથવા તમારી સ્થાનિક કાઉન્સિલનો સંપર્ક કરો.

281238/0407/6000CC

SMOKEFREE